## જન્મદિને વધામણી



**કાર્તિક પટેલ**
ડેપ્યુટી મેયર,
ગાંધીનગર મહાનગરપાલિકા
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૭ ૨૧૯૯૯



**જયસિંહ જોગીન્દર કટોચ**
મો. ૯૯૨૪૪ ૨૩૬૮૭



**ઘનશ્યામ એ શુક્લ**
મો. ૯૪૨૬૦ ૨૪૬૬૯



**ડો. કલ્પેશ શાહ**
મો. ૯૯૦૯૯ ૪૨૨૦૭



**પર્વ આર શર્મા**

# એનસીસી કેડેટ્સને મિલિટરીનો પરિચય





સાઉથર્ન સ્ટાર ઈન્ફોર્મેશન કેમ્પેઈનના ભાગરૂપે ધ્રાંગધ્રા મિલિટરી સ્ટેશનના ગોલ્ડન કતાર ગનર્સ ખાતે વિદ્યાર્થીઓ, એનસીસી કેડેટ્સને મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા અને તેના દ્વારા એનસીસી કેડેટ્સને મિલિટરી લાઈફથી પરિચિત કરાવવામાં આવ્યા હતા. મુલાકાત દરમ્યાન તેમને મિલિટરી અને ગનર્સના દેશને યોગદાન બાબતે વિશદ્ માહિતી આપવામાં આવી હતી તથા વિવિધ ગન્સનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. દેશના સૈનિકોની દેશ માટે ફનાગીરીની વાતો જાણીને વિદ્યાર્થીઓને તેમના પ્રતિ અહોભાવની લાગણી થઈ હતી.

### તાજેતરમાં કરાયેલા અભ્યાસમાં દાવો કરાયો

# ધ્યાન કેન્દ્રિત કરવાથી શરદી અને અન્ય રોગોને દૂર રાખી શકાય

ગાંધીનગર, તા. ૧૭

હાલમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ધ્યાન કેન્દ્રીત કરવાથી શરદી અને તાવ જેવી તકલીફને દૂર કરી શકાય છે. બ્રિટનમાં કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ધ્યાન કેન્દ્રીત કરવાથી શરદી અને તાવ દૂર રહે છે. વિસ્કંસિન મેડીસીન યુનિવર્સિટીના એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જે પુખ્તવયના લોકો ધ્યાન કેન્દ્રીત કરે છે અથવા તો ચાલવા જેવી હળવી કસરત કરે છે તે વ્યક્તિ આઠ સપ્તાહ સુધી એવા લોકોની સરખામણીમાં શરદી, ઉધરસથી



ઓછા અસરગ્રસ્ત રહે છે જે આવી કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ હાથ ધરતા નથી. છેલ્લા અભ્યાસમાં જણાવવામાં આવ્યું હતું કે ધ્યાન કેન્દ્રીત કરવાથી મૂડમાં સુધારો થાય છે. સાથે સાથે ટેન્શનને દૂર કરવામાં મદદ મળે છે. આનાથી રોગપ્રતિકારક ક્ષમતામાં પણ વધારો થઈ જાય છે. ધ્યાન કેન્દ્રીત કરવા અંગેનો ઉલ્લેખ હિંદુ શાસ્ત્રોમાં પણ કરવામાં આવ્યો છે. પાંચમી અને છઠ્ઠી સદી દરમિયાન ધ્યાન કેન્દ્રીત કરવાના અન્ય તરીકાનો ઉલ્લેખ ચીન અને ભારતમાં કરવામાં આવ્યો છે. બ્રિટનના જાણીતા અખબાર ડેલી મેલે કહ્યું છે કે ૧૫૦ લોકોને ત્રણ જુદા જુદા વર્ગોમાં વિભાજિત કરવામાં આવ્યા હતા. એક જૂથમાં ધ્યાન કેન્દ્રીત કરનાર લોકોને રાખવામાં આવ્યા હતા. બીજા ગ્રૂપમાં આઠ સપ્તાહ સુધી દોડ લગાવનાર લોકોને રાખવામાં આવ્યા હતા. જ્યારે ત્રીજા વર્ગમાં કોઈપણ કામ નહીં કરતા લોકોને રાખવામાં આવ્યા હતા. અભ્યાસ બાદ જાણવા મળ્યું કે શરદી, ગરમી, ગળામાં તકલીફ, તાવ જેવા લક્ષણો એવા લોકોમાં વધારે દેખાય છે જે લોકો કોઈપણ પ્રકારની શારીરિક કસરત કરતા નથી. અભ્યાસના તારણો એન્નાલ્સ ઓફ ફેમીલી મેડીસીનમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે.

# ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીની વિદ્યાર્થીની કેસ સ્ટડી રાઈટીંગ સ્પર્ધામાં દ્વિતિય ક્રમાંકે વિજેતા

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીની વિદ્યાર્થીનીએ સ્ટુડન્ટ કેસ સ્ટડી રાઈટીંગમાં વિશ્વકક્ષાએ દ્વિતિય ક્રમાંક પ્રાપ્ત કરીને ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.


વિશ્વમાં ખ્યાત એવી હાર્વર્ડ યુનિવર્સિટી દ્વારા આ સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં લૉ યુનિવર્સિટીના વિદ્યાર્થીએ દ્વિતિય વિજેતા ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.

યુનિવર્સિટીની ૨૦૧૧ની બૅચની ઍલઍલબીની વિદ્યાર્થીની મધુલિકા શ્રીકુમારે આ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

'ધ નૅશનલ ઍડવાઈઝરી કાઉન્સીલ મૉડેલ : વ્હેન ધ સિવિલ સોસાયટી વોઝ હર્ડ ઈન પૉલિસીમૅકીંગ ઈન ઈન્ડિયા' એ મધુલિકાના કેસ સ્ટડીનો વિષય હતો.

આ સ્પર્ધામાં દ્વિતિય ક્રમે વિજેતા પદ પ્રાપ્ત કરીને મધુલિકાએ ન માત્ર ગૌરવ પ્રાપ્ત કર્યું હતું પરંતુ ૩ હજાર યુઍસ ડૉલરની સ્કૉલરશીપ પણ ઈનામરૂપે પ્રાપ્ત કરી હતી. ઉપરાંત તેનો આ વિજેતા કેસ સ્ટડી આયોજક સંસ્થા ધ બૅન્ચમાર્ક સૅન્ટરની વૅબસાઈટ ઉપર પણ મૂકવામાં આવ્યો છે.

લૉ યુનિવર્સિટીના સ્ટાફ, ફૅકલ્ટીઝ, વિદ્યાર્થીઓ તરફથી મધુલિકાને અઢળક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. યુનિવર્સિટીએ આ ઘટનાને પોતાના માટે એક ગૌરવપૂર્ણ ઘટના ગણાવી હતી.



ચીફ ઑફ ઍર સ્ટાફ ઍર ચીફ માર્શલ અરૂપ રાહાએ નવી દિલ્હી ખાતે ૧૨મા સુબ્રતો મુખર્જી સેમિનારમાં મનપ્રીત શેઠી લિખિત પુસ્તક 'કોડ ઑફ કન્ડક્ટ ફૉર ઍરો સ્પેસ - એ સ્ટ્રેટેજી ફૉર ઈન્ડિયા'નું વિમોચન કર્યું હતું.

# શહેરનાં ઉદ્યાનો પુનઃ સૂનાં બન્યાં

ગાંધીનગર, તા. ૧૭

દિવાળી પર્વ સંપન્ન થતાં અને દિવાળીની રજાઓ પૂર્ણ થવાથી શહેરનાં ઉદ્યાનોમાં જામેલી લોકોની રોનક સાવ ઝાંખી પડી ગઈ છે અને ઉદ્યાનો પુનઃ સૂનાં પડી ગયાં છે.

બેસતા વર્ષથી લઈને ચોથ સુધી ગાંધીનગરના સૅક્ટર-૨૮, અક્ષરધામ અને ઘ-૪ના સૅન્ટ્રલ વિસ્ટા ખાતે મોટી સંખ્યામાં મુલાકાતીઓની ભીડ જામતી હતી. દિવસભર લોકો સૅક્ટર-૨૮ અને અક્ષરધામની મોજ માણતા હતા તો સાંજ ઢળ્યા પછી સૅન્ટ્રલ વિસ્ટામાં ભીડ જામતી હતી.

પરંતુ એ રોનક હવે ઝાંખી પડી ગઈ છે. કારણ કે સરકારી-ખાનગી કચેરીઓમાં રજાઓ પૂર્ણ થઈ ગઈ છે તો લાભ પાંચમથી વિવિધ કારોબારોનાં મુહૂર્ત થઈ ગયા હોવાથી હવે બજારોમાં વેપારીઓ બેસવા માંડ્યા છે આ કારણે હવે પરિવાર સાથે ફરવા જવાનો સમય કોઈની પાસે રહ્યો નથી. અને એ કારણે હવે કોઈપણ ઉદ્યાનમાં મુલાકાતીઓની ભીડ જોવા મળતી નથી.

ઉલ્ટું, અત્યારે ઉદ્યાનોની જે હાલત છે એ જોઈને ભાગ્યે જ કોઈને લાગે કે આ એ જ ઉદ્યાનો છે જે ત્રણ દિવસ પહેલાં લોકોની ભીડથી મેળાના સ્થળ જેવા ભાસતા હતા.

થોડી રોનક સૅન્ટ્રલ વિસ્ટાની બચી છે. કારણ કે તેમાં વહેલી સવારના સમયે વ્યાયામપ્રેમી નગરજનો અને રાત્રિના સમયે પણ પરિવાર સાથે ફરવા આવનારા સ્થાનિક નાગરિકો હોય છે. પરંતુ એ સિવાય આ ગાર્ડન પણ દિવસભર સાવ સૂમસામ નજરે પડે છે.

# ભારતના ૪૬મા આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ માટે ગોવા સજ્જ

IFFI 2015
46th International Film Festival of India, Goa

ગાંધીનગર, તા. ૧૭

ભારતના ૪૬મા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ (આઈએફએફઆઈ)ને આડે માત્ર બે દિવસ રહ્યા છે, ત્યારે પણજી અને આસપાસનાં વિસ્તારો મહોત્સવની તૈયારીઓથી ધમધમી રહ્યા છે. દરેક જણ વ્યસ્ત જણાય છે અને પોતપોતાના કામમાં મશગૂલ છે. સિનેમા એ પરસ્પર સહયોગ દ્વારા સર્જાતી કળા છે કેમકે એક ફિલ્મ બનાવવા સંખ્યાબંધ કારીગીરી જોડવી પડે છે, તે જ રીતે મહત્ત્વપૂર્ણ સ્થાનોને રંગીન અને ઉલ્લાસમય સજાવવા માટે પણ અનેક કસબ એકસૂત્રે બાંધવા પડે છે. ભારે ધાંધલધમાલ અને દોડધામ વચ્ચે કસબીઓ મહોત્સવના સ્થળમાં સાથે મળીને પ્રાણ પૂરે છે.

આઈએફએફઆઈના લોગોના કટઆઉટ્સ અને ધાતુનો બનાવેલું મોરનું પદસૂચક ચિહ્ન, પણજીની અંદર અને આજુબાજુમાં વિવિધ જગ્યાએ પ્લાયવૂડ અને ફાયબરને સીધાં બાંધવાનું કામ ચાલી રહ્યું છે. વાદળી અને આછા જાંબલી રંગના મોરનાં પીંછા ફિલ્મના રીલને સૂચિત કરે છે, જે ૪૬મા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવને ખુલ્લો મૂકવા તૈયાર છે. આઈએફએફઆઈનો લોગો અને મોરનાં કટઆઉટ્સ જીવંત અને વિવિધતાભર્યો માહોલ સર્જવા જુદી જુદી રીતે ગોઠવવામાં આવ્યાં છે.

આઈએફએફઆઈના ત્રીજા મહોત્સવને આંતરરાષ્ટ્રીય નોંધ મળ્યા પછી, વર્ષ ૧૯૭૪-૭૫માં ભારતે પાંચમા મહોત્સવ સમયે રાષ્ટ્રીય પક્ષી મોરની પ્રતિકૃતિ ધરાવતું આ કાયમી ચિહ્ન અપનાવ્યું હતું.

મકાનો, ગલીઓ અને આઈએફએફઆઈનાં સમારંભો યોજાવાનાં હોય તે સ્થળોને શણગારવાનું કામ ચાલી રહ્યું છે. આઈનોક્સ થિયેટરના પ્રવેશદ્વારની સજાવટમાં પણ ધાતુની ફ્રેમમાં મોર સામેલ કરાયા છે. થાંભલાઓ ઉપર ધાતુના છાપરાં ગોઠવવામાં આવ્યાં છે, જેથી થ્રીડી ઈફેક્ટ ધરાવતા મોરને લટકાવી શકાય, જેનાથી રેડ કાર્પેટ એરિયામાં મથાળે ખુલ્લા પીંછા સાથે નૃત્ય કરતો મોર દૃશ્યમાન થાય. મહોત્સવના સ્થળે વિવિધ જગ્યાએ એલઈડી સ્ક્રીન્સ અને સ્ટેન્ડીઝ મૂકવામાં આવ્યાં છે. કોર્ટલિમ સર્કલ અને એરપોર્ટ જેવાં મહોત્સવના સ્થળથી દૂરનાં સ્થળોને મહોત્સવ માટે શણગારવામાં આવી રહ્યાં છે.

ટૂંકમાં, ૪૬મા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં હાજરી આપવા આવી રહેલા ફિલ્મજગતના મહાનુભાવો અને પ્રતિનિધિઓને આવકારવા ગોવા સજીધજી રહ્યું છે.

# બજાણાથી રાજદરબારે - એક સ્મૃતિકથા

કચ્છના નાના રણની ધારે આવેલ ૧૨૦૦૦થી ૧૪૦૦૦ (૧૯૧૧ થી ૧૯૪૧ સુધી)ની વસતી ધરાવતી નાનકડા રજવાડા-બજાણા ગામનો એક સામાન્ય છતાં અસામાન્ય વ્યક્તિ બની ભારત સરકારનો 'પદ્મશ્રી'નો ખિતાબ મેળવવાને શક્તિમાન બને છે, એવી સન્માનનીય વ્યક્તિ-હસમુખ શાહની આ સ્મરણકથા વીતી ગયેલા કાળની જે ઘટનાઓ વર્ણવે છે, એ માત્ર બજાણા જ નહીં, દેશની રાજધાનીની વહીવટીય ઝાંખીનું એક સુરેખ ચિત્ર ખડુ કરે છે. પ્રસ્તાવનામાં શિરીષ પંચાલે હસમુખ શાહના વ્યક્તિત્વની જિકર આ શબ્દોમાં નોંધી છે. "હસમુખ શાહ સામાન્યમાંથી અસામાન્ય બનેલી વ્યક્તિ છે અને અસામાન્ય ભૂમિકાએ પહોંચ્યા પછી પેલી સામાન્યતાને નહીં વિસરનાર તથા સામાન્ય વ્યક્તિઓમાં પાંગરેલી અસામાન્યતા અને અસામાન્ય વ્યક્તિઓમાં ઘર કરી બેઠેલી માન્યતાઓના પ્રત્યક્ષ અને પરોક્ષ પરિચય કેળવનાર એવી આપણી સન્માનીય વ્યક્તિ છે."

બજાણામાં પ્રાથમિક તથા લખતર, વઢવાણ અને ભાવનગરમાં માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ મેળવનાર હસમુખ શાહ પોતાના પિતાના વાચનશોખ અને ચોપાટમાં માસ્ટરી એવાં માતાનો - તેઓના ઘડતરમાં અનન્ય ફાળો ગણાવે છે. બા વિશે હસમુખ શાહ એક સ્થળે નોંધે છે : "બાને હંમેશા કોઈને કોઈ દલિત, પીડિત, બિમારની વાત કરવાની હોય જ. એવા માટે એમણે શું કર્યું એ અધ્યાહાર રાખે પણ અમે સૌ સમજતા થયેલા. નાનામાં નાના માણસ પ્રત્યે તોછડાઈથી ન વર્તાય અથવા એની ગરિમાને ક્યારેય ધક્કો ન લાગે તેની કાળજી સ્વાભાવિક રીતે જ લેવાય. ત્યારે જેમને હરિજન કહેતા તેમના પ્રત્યે બંનેને વિશેષ લગાવ. અને સૌ ભાઈબેનોમાં જે કાંઈ અનુકંપા છે તે આ વાતાવરણમાં જન્મી અને દૃઢ થઈ."

વતન સાથેની પ્રીતિ - એનો અતીત સાડા છ દાયકા બાદ પણ લેખક સુપેરે એવું એનું વર્ણન કરી શક્યા છે કે વર્ણન વાંચતા વાંચતા આપણે બજાણામાં વિહરતા હોય એવું અનુભવીએ. પિતાશ્રીની ઓફિસ, મિડલ સ્કૂલ, પોતાનું નિવાસસ્થાન, દવાખાનું, ન્યાયકોર્ટ, કારભારી ઓફિસ, દેશી ગેસ્ટહાઉસ વિગેરે તસ્વીરો આજેય ભાવકનો બજાણાની મુલાકાત લેવા મન લલચાવે એવી છે. એ સમયના પાત્રોની આગવી ઓળખ બહુ થોડા શબ્દોમાં લેખક વર્ણવે છે ત્યારે પાત્રોયે આપણી નજર સમક્ષ રૂબરૂ ખડા થઈ જતાં હોય એવું અનુભવાય છે !

ફર્સ્ટક્લાસ મેજીસ્ટ્રેટ તરીકે કારકિર્દી શરૂ કરનાર લેખકના પિતાશ્રી એસ.જી. શાહની વ્યાવસાયિક અને વ્યવહારિક વિશિષ્ટતાઓ લેખકે અતિસંયમપૂર્વક આલેખી છે. એક અનુભવ લેખકના શબ્દોમાં જ વાંચીએ. : "અને નાનપણમાં અનેકવાર એમની સાથે ડિસ્ટ્રીક્ટમાં જતાં ત્યારે રસ્તા પર કોઈ ઘરડાને કે મહિલાને બાળકો સાથે જુએ તો ગાડી ઉભી રાખીને એમને લિફ્ટ આપે. ગાડીની સીટો ભરાઈ ગઈ હોય તો લોકો નીચે પણ બેઠાં હોય. પિતાશ્રી ભીડ ભોગવે. ગાડી ધૂળથી ભરાઈ જાય એટલે ડ્રાઈવર પણ મનોમન ચીડાય. એ લિફ્ટ આપવાનો અભિગમ જીવનભર રહેલો." ૧૯૭૩માં લેખકના પિતાશ્રી ગુજરી ગયા ત્યારે જે અજાણ્યા માણસોના કાગળો આવેલા તે ઉપરથી લેખક જણાવે છે કે 'કેટકેટલાંની જિંદગી એમણે સંવારી હશે !'

લેખક પોતાના પિતાશ્રીના જીવનના બે સંકલ્પને મહત્વના ગણાવે છે. એક, પોતાનો બોજો બાળકો ઉપર ન નાખતાં, પોતાની જે આવક હોય તેમાં જ ચલાવવું. બીજો, પોતે સ્વતંત્ર રીતે રહેવું, સંતાનો સાથે નહીં. પિતાશ્રી જે સમજવી સમગ્ર જીવન જીવ્યા તે મતલબનું તેમનું લખાણ લેખકે આ પુસ્તકમાં મૂક્યું છે. : "જે સ્થિતિમાં પ્રભુએ મૂક્યા હોય તે જ સ્થિતિમાં બધે જ શાંતિથી રહી અને નીતિનું બરાબર પાલન કરી, પ્રસંગે અન્ય ઉપર ઉપકાર કરતા રહી નિર્દોષ જીવન ગાળી, પવિત્ર રહી, પ્રમાણિક રહી, ભક્તિમાં જ આગળ વધવા પ્રયત્નશીલ રહે તો પ્રભુ દરેક કામમાં સહાય જ આપે જ છે અને પરિણામે અપૂર્વ સુખ અને સંપત્તિ જીવનના અનુભવથી પ્રાપ્ત કરી શકાય છે.' આ જ લખાણની સાથોસાથ લેખકે પિતાશ્રી વિશે કહેલું આ વિધાન નવી સમજ ઉમેરે છે, "મંદિર જવાનું એમના નિત્યક્રમમાં નહી. શ્રધ્ધા અને બુદ્ધિનો એ વિવેકપૂર્વક સમન્વય કરી શકતા."

એમ.એ. થયા બાદ પ્રારંભમાં લેખક બહાઉદ્દીન કોલેજ, જૂનાગઢમાં અધ્યાપક તરીકે જોડાય છે પરંતુ 'કલેકટેડ વર્કસ ઓફ મહાત્મા ગાંધી'માં જોડાવાનું નિમંત્રણ મળતાં અધ્યાપક તરીકે છ અઠવાડિયા જ ગાળે છે. પ્રથમ દોઢ વર્ષ અમદાવાદ અને બાકીના ચારેક વર્ષ દિલ્હીમાં એમ કુલ છ -સાડા છ વર્ષ લેખક 'કલેક્ટેડ વર્કસ'નું કામ કરે છે. ડિસેમ્બર-૧૯૬૩માં સ્વ. વાડીલાલ ડગલીની ભલામણથી શ્રી મોરારજીભાઈ દેસાઈ (કે જેઓ સત્તામાં નહી પરંતુ પક્ષના કામમાં વ્યસ્ત હતા)ના સંપર્કમાં આવ્યા બાદ મોરારજીભાઈના સચિવ તરીકે લેખક જોડાય છે અને એ સાડા પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન લેખકની દુનિયાનું અનુભવ વિશ્વ વિસ્તરે છે. રાજકારણની આકરી વાસ્તવિકતા અને રાજકારણીઓની શક્તિઓના વિશેષ અનુભવને લેખક 'મોટા માણસોની અલ્પતા' તરીકે જુએ છે. નાયબ વડાપ્રધાન અને નાણાં પ્રધાન તરીકેની મોરારજીભાઈની કામગીરીના સવા બે વર્ષ લેખકને અર્થતંત્રના વહીવટની ઝાંખી કરાવે છે તો વળી ઈરાન, જાપાન, નેપાળ, જર્મની, ભૂતાન વગેરે દેશો અને ત્યાંના આગેવાનોને મળવાની તક સંપડાવી આપે છે.

૧૯૭૭ થી ૧૯૮૨- 'રાજદરબારે-' સ્મરણલેખમાં લેખક વડાપ્રધાનના કાર્યાલયમાં જોઈન્ટ સેક્રેટરીના હોદ્દા ઉપર નિયુક્ત થાય છે. તે વળી વડાપ્રધાનના દફતરથી સીધા જ પોસ્ટ અને ટેલિગ્રાફ ખાતામાં પી.એન્ડ.ટી. બોર્ડના સેક્રેટરીનો ચાર્જ લેખકને સાંપડે છે. સરકારી તંત્રમાં ઊંચા હોદ્દાઓ પર કામ કરતાં કરતાં લેખકનો આઈ.પી.સી.એલ.માં ૧૯૮૨ થી ૧૯૯૨ અને પછી ચેરમેન-કમ-એમ.ડી.નો હોદ્દો સંભાળવાનો યોગ પ્રાપ્ત થાય છે. વ્યવસ્થાપન અને માનવ સંશાધનના લેખકના અવનવા અનુભવો આઈ.પી.સી.એલ. ને રાષ્ટ્રમાં ટોચના જાહેર સાહસ તરીકે ઓળખાવવામાં સહાયરૂપ થાય છે.

'દીઠું મેં...' સ્મરણકથાના બીજા ભાગમાં લેખકે વડાપ્રધાનપદ મેળવવામાં ખેલાતું રાજકારણ, રાજકારણમાં સાધનશુદ્ધિના અગ્રણી મોરારજી દેસાઈ, રાજકારણમાં માહીર એવા ઈન્દિરા ગાંધી, ધરતીપુત્ર ચરણસિંહ ચૌધરી, સરદારના વિશ્વાસુ ખંડુભાઈ દેસાઈ, રાષ્ટ્રપતિ સંજીવ રેડ્ડી, પ્રો. સતીશ ધવન, સૈફ આઝાદ, સેવામૂર્તિ મધર ટેરેસાના રેખાચિત્રો અને વિધ વિધ દેશ-સ્થળોનાં પ્રવાસ વર્ણન બખૂબી આલેખ્યા છે.

'દીઠું મે...'ના લેખક હસમુખ શાહે બજાણાથી માંડી નવી દિલ્હીની જીવન-કારકિર્દીયાત્રા દરમ્યાન જે કાંઈ જોયું - અનુભવ્યું - સંવાર્યુની સઘળી જિકર આ પુસ્તકમાં સ્મરણ કથારૂપે આલેથી છે, જે સમાજકારણ-રાજકારણ-વ્યવસ્થાપન અને વહીવટમાં રસ ધરાવનાર સહુ કોઈને વિચારની નવી દિશા ખોલી આપવામાં સાર્થક નીવડી શકે એમ છે !

**- રમણ વાઘેલા**